# ચૌદમી ગુજરાત વિધાનસભા

## કામકાજ સલાહકાર સમિતિ

## પંદરમો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તા.૨૨મી માર્ચ, ૨૦૨૨ના રોજ સભાગૃહની બીજી બેઠકના વિરામ સમયની શરૂઆતમાં અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** બુધવાર, તા.૨૩/૦૩/૨૦૨૨ના રોજ પ્રશ્નોત્તરી પછી માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીનો નિયમ-૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ હાથ ધરવો અને તેને ૬૦ મિનિટનો સમય ફાળવવો તથા ગૃહની બેઠકનો સમય ૬૦ મિનિટ વધારવો.

**૨.** આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત માનનીય રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ ગુરુવાર, તા.૨૪/૦૩/૨૦૨૨ના રોજ સવારના ૧૧-૦૦ થી બપોરના ૧૨-૦૦ કલાક દરમિયાન સભાગૃહને સંબોધન કરશે. જેને લીધે આ દિવસે સભાગૃહની બે બેઠકોના બદલે એક બેઠક રહેશે અને આ બેઠક માનનીય રાષ્ટ્રપતિશ્રીના સંબોધન બાદ બપોરના ૦૧-૦૦ વાગ્યે શરૂ થશે. આ બેઠકમાં સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ)માં ગુરુવાર, તા.૨૪/૦૩/૨૦૨૨ના રોજની બીજી બેઠકમાં દર્શાવેલ કામકાજ હાથ ધરવામાં આવશે.

**૩.** મંગળવાર, તા.૨૯/૦૩/૨૦૨૨ના રોજ સભાગૃહની બે બેઠકો રહેશે. જેમાં પ્રથમ બેઠકમાં સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ)માં ગુરુવાર, તા.૨૪/૦૩/૨૦૨૨ના રોજની પ્રથમ બેઠકમાં દર્શાવેલ કામકાજ હાથ ધરવામાં આવશે તથા બીજી બેઠકમાં મંગળવાર, તા.૨૯/૦૩/૨૦૨૨ના રોજની બેઠક માટે દર્શાવેલ કામકાજ હાથ ધરવામાં આવશે.

**૪.** બુધવાર, તા.૩૦/૦૩/૨૦૨૨ના રોજ નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને જરૂર પડે તો ગૃહનો સમય લંબાવીને પણ તેની વિચારણા પૂરી કરવી.

(૧) ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૨૨

(૨) ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ વિધેયક, ૨૦૨૨

(પાછળ)

(૩) ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર (રોજગાર નિયમન અને કલ્યાણ)(રદ કરવા બાબત) વિધેયક, ૨૦૨૨

**૫.** ગુરુવાર, તા.૩૧/૦૩/૨૦૨૨ના રોજ નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકોની ચર્ચા હાથ ધરવી અને જરૂર પડે તો ગૃહનો સમય લંબાવીને પણ તેની વિચારણા પૂરી કરવી.

(૧) ગુજરાત યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સીસ વિધેયક, ૨૦૨૨

(૨) શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર) બાબત વિધેયક, ૨૦૨૨

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તારીખઃ ૨૨મી માર્ચ, ૨૦૨૨**

**ડૉ. નીમાબેન આચાર્ય**
**પ્રમુખ,**
**કામકાજ સલાહકાર સમિતિ**